બીજી રાણીઓને અદેખાઈ થાય તેમ વર્તવા લાગ્યા. અન્ય રાણીઓએ આ પરિવર્તન શાથી થયું તે જાણવા એક ચતુર દાસીને તૈયાર કરી. દાસીએ જાણ્યું કે આણુના કોઈ યોગીરાજે તેને વશીકરણમંત્ર આપ્યો છે. આ વાતની મહારાજાને જાણ થઈ ત્યારે તે ખૂબ ગુસ્સે થયો. એક સાધુનાં આવાં કરતૂતથી તે ખૂબ છંછેડાયો અને આનંદઘનજી પાસે પહોંચ્યો, અને ક્રોધથી માદળિયાનો ઘા કર્યો. મહાત્માએ એને ખોલીને જોવા કહ્યું. માદળિયું ખોલીને તેમાંનું લખાણ વાંચી રાજા અત્યંત છોભીલો પડી ગયો. એમાં લખ્યું હતું કે :—

'રાજા–રાણી મિલે, ઇસમેં આનંદઘન કો ક્યા ?
રાજા–રાણી ન મિલે, ઇસમેં આનંદઘન કો ક્યા ?'

રાજા આનંદઘનજીના પગમાં પડ્યો. આવી હતી તેઓશ્રીની સંસાર પ્રત્યેની નિર્લેપતા !

'શ્રી અભિનંદન જિનસ્તવન'માં આથી જ કહેવાયું કે,
'હરિશણ હરિશણ રટતો જો ફિરું, તો રણ રોજ સમાન;
જેહને પિપાસા હોય અમૃતપાનથી, કિમ ભાંજે વિષપાન.
તરસ ન આવે હો મરણજીવન તણો સીઝે જો દરિશણ કાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.
અભિનંદન જિનદરશણ તરસીએ, દરિશણ દુર્લભદેવ....'

એવી જ રીતે, 'આનંદઘન–ચોવીસી'નાં સ્તવનોમાં તો અનેક એવી પંક્તિઓ મળી આવે છે કે જે તેઓશ્રીના ઊંડા તત્ત્વજ્ઞાનની પરિચાયક બની રહે છે. જેમ કે,

'ધર્મ જિનેસર ગાવું રંગશું, ભંગ ન પડજો હો પ્રીત જિનેસર.
બીજો મનમંદિર આણું નહિ, એ આમ કુલવટ રીત જિનેસર....ધર્મ૦
ધર્મ ધર્મ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ જિનેસર,
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યાં પછી, કોઈ ન બાંધે હો કર્મ જિનેસર....ધર્મ૦

આવા નિઃસ્પૃહી અને નિર્લેપ મહાત્માને કોટિ કોટિ વંદન હજો ! જેમની વાણી અક્ષર રહીને યુગો સુધી અમૃતનું પાન કરાવ્યા કરશે !

## જિનાગમોના પારગામી, સમર્થ વિદ્વાન અને કવિ
# ઉપાધ્યાય શ્રી સકલચંદ્ર ગણિવર

કવિ ગણદાસ ઉપાધ્યાય સકલચંદ્ર અને ચંદ્રની સરખામણી કરતાં લખે છે કે, 'ચંદ્ર અત્રિ ઋષિનો પુત્ર છે; જે આકાશમાં વિરાજે છે. અને ઉપા૦ સકલચંદ્રજી શેઠ ગોવિંદનો પુત્ર છે, જે તપાગચ્છમાં વિરાજે છે. ચંદ્ર સોળ કળાવાળો છે, જ્યારે સકલચંદ્ર બોત્તેર કળાવાળો છે. ચંદ્રની કળા વધે–ઘટે છે, જ્યારે સકલચંદ્રની કળા પ્રતિદિન વૃદ્ધિ જ પામતી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

રહે છે. ચંદ્ર ભામંડળ રૂપ ઓરડામાં ભમે છે, જ્યારે સકલચંદ્ર સર્વ સ્થાને ભમે છે. ચંદ્ર કોઈ ને અમી દેતો નથી, જ્યારે સકલચંદ્ર સૌમાં અમી વરસાવે છે. એવા પોરવાડ જ્ઞાતિમાં ચંદ્ર સમાન ઉપા૦ સકલચંદ્રને સૌ વંદન કરે છે.''

શ્રી સકલચંદ્ર ગણિ શ્રી વિજયદાનસૂરિના શિષ્ય હતા. તેઓ જિનાગમોના જાણકાર, સમર્થ વિદ્વાન અને ઉત્તમ કવિ હતા. તેઓ ઘણા સરલ અને ઉદાર હતા. શ્રી વિજયદાનસૂરિએ વિ. સં. ૧૬૨૧માં, તેરવાડામાં, તેમના આગ્રહથી ઉપા૦ ધર્મસાગરને ગચ્છમાં લીધા હતા.

ગ્રંથસર્જન : શ્રી સકલચંદ્ર ગણિએ ઘણા ગ્રંથો રચ્યા છે, તે આ પ્રમાણે છે— ૧. હરિબલ રાજર્ષિ રાસ ( વિ. સં. ૧૬૪૨માં ), ૨. મૃગાવતી આખ્યાન ( વિ. સં. ૧૬૪૩ ), ૩. વાસુપૂજ્ય જિનપુણ્યપ્રકાશ, ૪. વીરવર્ધમાનજિન–ગુણવેલી–સુરવેલી ( કડી : ૬૬ ), ૫. ગણધરવાદ સ્તવન, ૬. મહાવીર સ્તવન, ૭. ઋષભસમતાસરલતા સ્તવન, ૮. દિવાલી–વીર સ્તવન, ૯. કુમતિદોષ વિજ્ઞપ્તિ સીમંધરસ્વામી સ્તવન, ૧૦. પ્રતિષ્ઠાકલ્પ, ૧૧. એકવીશપ્રકારી પૂજા, ૧૨. સત્તરભેદી પૂજા, ૧૩. બારભાવના સજ્ઝાય, ૧૪. ગૌતમપૃચ્છા વગેરે ૨૦ સજ્ઝાયો,, ૧૫. દેવાનંદા સજ્ઝાય, ૧૬. સાધુકલ્પલતા, ૧૭. ધ્યાનદીપિકા શ્લોક : ૨૦૪

શ્રી સકલચંદ્ર ગણિવરને ઘણા શિષ્યો હતા; તેમાં ૧, ઉપા૦ શાંતિચંદ્ર અને ૨. ઉપા૦ સુરચંદ્ર પ્રસિદ્ધ છે.

( ' જૈન પરંપરાનો ઇતિહાસ ' ભાગ–૩ માંથી સાભાર ઉદ્‌ધૃત )

## ચિરસ્મરણીય શાસનપ્રભાવક

# ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી મહારાજ

ગુજરાતના પલખડી નામના ગામમાં પ્રાગ્વંશી સંઘવી આજડના પૌત્ર નામે રાજસીના પુત્ર થિરપાલને ગુજરાતના સુલતાન મેહમૂદશાહ ( ૧ લો; ' મહમદ બેગડો ' )એ લાલપુર ગામ ભેટ આપ્યું. તે થિરપાલના પૌત્ર હરખાશાની પુંજી નામની પત્નીની કુક્ષીએ સં. ૧૬૦૧ ના અશ્વિન વદ પાંચમે સોમવારે એક પુત્ર જન્મ્યો. તેનું નામ ઠાકરશી રાખવામાં આવ્યું. તે ઠાકરશીને સં. ૧૬૧૬માં વૈશાખ વદ બીજને દિવસે શ્રી વિજય હીરસૂરિજીએ મહેસાણામાં દીક્ષા આપી તેમના શિષ્ય કલ્યાણવિજય નામે જાહેર કર્યા. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓ ધાર્મિક અભ્યાસ અને શાસ્ત્રાભ્યાસ કરી મહાન વિદ્વાન થયા. સં. ૧૬૨૪ના ફાગણ વદ ૭ના દિવસે પાટણમાં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું.

તેઓશ્રીની વ્યાખ્યાનકળા ઘણી સરસ હતી. ઉત્તમ ચારિત્ર પાળતા હોવાથી તેમની છાપ લોકોમાં ઉત્તમ પડતી. તેમણે રાજપીપળામાં રાજા વચ્છત્રિવાડીની સભામાં બ્રાહ્મણ પંડિતોને જીત્યા હતા. તેમણે ગુજરાત, માલવ, મેવાડ, મારવાડ વગેરે પ્રદેશોમાં વિહાર કરી અનેક તીર્થોની યાત્રા કરવા ઉપરાંત પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. જયપુર રાજ્યના વૈરાટનગરમાં અકબરના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org